**તા.૧૧/૦૯/૨૦૨૬**

**પંદરમી ગુજરાત વિધાનસભાના નવમા સત્રમાં થયેલ મહત્વના કામકાજની માહિતી:-**

તા.૦૯/૦૯/૨૦૨૬ થી તા.૧૧/૦૯/૨૦૨૬ સુધીના પંદરમી ગુજરાત વિધાનસભાના નવમા સત્ર દરમિયાન સભાગૃહની કુલ-૦૩ બેઠકો મળી. સત્ર દરમિયાન વિધાનસભાએ કુલ-૧૮ કલાક ૩૨ મિનિટ કામ કર્યુ. સત્ર દરમિયાન કુલ-૫૨ માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો. સત્ર દરમિયાન કુલ-૦૫ સ્વર્ગસ્થ મહાનુભાવોના અવસાન અંગે ગૃહમાં શોકદર્શક ઉલ્લેખો કરવામાં આવ્યાં.

સત્ર દરમિયાન સભાગૃહમાં મૌખિક જવાબો માટેના કુલ-૧૩૫૬ તારાંકિત પ્રશ્નોના જવાબો ગૃહમાં રજૂ થયા તે પૈકી કુલ-૨૯ પ્રશ્નો પર ગૃહમાં મૌખિક ચર્ચા કરવામાં આવી તથા સત્ર દરમિયાન કુલ-૧૫૨ અતારાંકિત પ્રશ્નો મળેલ અને ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૮૭(ક) હેઠળ ૮૮ અતારાંકિત પ્રશ્નો મેજ ઉપર મૂકવામાં આવ્યાં. સત્ર દરમિયાન કુલ-૦૭ સરકારી વિધેયકો ગૃહે પસાર કર્યા.

સત્રના છેલ્લા દિવસે એટલે કે તા.૧૧/૦૯/૨૦૨૬ના રોજ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૨ અંતર્ગત "જનજાતીય કલ્યાણ યોજના" અંગેના છેલ્લા દિવસના પ્રસ્તાવ પર ચર્ચા વિચારણા કરવામાં આવી. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૬ અંતર્ગત ૦૧ તાકીદની જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીનું ધ્યાન દોરતી સૂચના અન્વયે સભાગૃહમાં માનનીય મંત્રીશ્રી દ્વારા નિવેદન કરવામાં આવ્યું.

સત્ર દરમિયાન કુલ-૦૧ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરવામાં આવ્યો હતો. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ અન્વયે જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ દ્વારા સભાગૃહમાં નિવેદન કરવામાં આવ્યું. સત્ર દરમિયાન વિધાનસભાની સમિતિઓની કુલ-૦૫ બેઠકો મળી અને જુદી જુદી સમિતિઓના કુલ-૦૫ અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

બંધારણ તથા પ્રવર્તમાન કાયદાની જોગવાઇઓ અન્વયે સરકારી કંપની, બોર્ડ/કોર્પોરેશનોના કુલ-૨૩ અહેવાલો તેમજ સરકારી કંપની, બોર્ડ/કોર્પોરેશનનું ૦૧ અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું. વર્તમાન સત્ર દરમિયાન આઠમા સત્ર દરમ્યાન વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળેલ છે, તેવું ૦૧ વિધેયક તથા જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળેલ છે, તેવાં ૦૫ વિધેયકો વિધાનસભાના મેજ પર મૂકવામાં આવ્યાં. ઉપરાંત ૬૯ અધિસૂચનાઓ અને ૦૨ વટહુકમ અને ૦૧ બાંહેધરી પત્રક તેમજ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકનો "જલ જીવન મિશન" પર માર્ચ-૨૦૨૪ના પૂરા થતાં સમયગાળા માટેનો ઓડીટ અહેવાલ તા.૧૧/૦૯/૨૦૨૬ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં. સત્ર દરમિયાન રાજ્યમાંથી ૫૨૪૬ જેટલા પ્રેક્ષકોએ ગૃહની કાર્યવાહી નિહાળી.

---------------------*****---------------------